તાપમાન
મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૪૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૯ | ૨૦ જાન્યુઆરી, ૨૦૧૭, શુક્રવાર ; પોષ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

હરિશ રાવતનો થ્રીડી રથ દ્વારા પ્રચાર

- ઉત્તરાખંડના ચૂંટણી જંગમાં મુખ્યમંત્રી હરિશ રાવત ૧૫ થ્રીડી રથના માધ્યમથી વિધાનસભાની ૭૦ બેઠકોના મત વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરશે. અગાઉ ૨૦૧૪માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ થ્રીડીના માધ્યમથી પ્રચાર કર્યો હતો.

કેપ્ટન અમરીંદર સિંગને નવજ્યોતના ચરણ સ્પર્શ

- પંજાબ કોંગ્રેસના પ્રમુખ કેપ્ટન અમરીંદર સિંગનો ચરણસ્પર્શ કરી નવજ્યોત સિદ્ધુએ પ્રેસ કોન્ફરન્સ સંયુક્ત રીતે સંબોધી હતી. કેપ્ટન અને સિદ્ધુ વચ્ચેના મતભેદોની ચર્ચાનો અંત આવ્યો છે.

પંજાબમાં એનઆરઆઈ આપનો પ્રચાર કરશે

- દિલ્હી વિમાની મથકે એનઆરઆઈનો મોટો જથ્થો પંજાબમાં આપના પ્રચાર માટે આવી પહોંચ્યો છે. વગદાર એનઆરઆઈ જુથ દ્વારા ચૂંટણી પ્રચારને પ્રભાવી બનાવવા આપની વ્યુહરચનાનો ભાગ છે.

મુલાયમ સપા માટે ચૂંટણી પ્રચાર કરશે

- અખિલેશ યાદવને ચૂંટણી પંચ દ્વારા સાયકલ ચિહ્નની ફાળવણી બાદ પણ મુલાયમસિંહ યાદવ ઉમેદવારોનો પ્રચાર કરશે એમ એક ટીવી ચેનલની મુલાકાતમાં જણાવ્યુ છે.

માલ્યા પાસેથી વસુલાત માટે બેંકોને કોર્ટની મંજુરી

- વિવિધ બેંકોની નવ હજાર કરોડથી વધુની લોન લઈ વિદેશ ભાગી જનાર વિજય માલ્યા પાસેથી બેંકો વસુલાતની કાર્યવાહી કરી શકશે. કોર્ટે આ સંદર્ભે બેંકોને મંજુરી આપી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ આજે હોદ્દો સંભાળશે

અમેરિકાના નવ નિર્વાચિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦મી જાન્યુઆરીને શુક્રવારે પ્રમુખપદનો વિધિવત ગ્રહણ કરશે.

ઉત્તરપ્રદેશમાં સ્કૂલ બસને અકસ્માત

ઉત્તરપ્રદેશના ઇટા જિલ્લામાં ૧૫ માસૂમ બાળકોના મોત : તીવ્ર ઠંડી અને ધુમ્મસની પરિસ્થિતિ વચ્ચે સ્કૂલી બસ ટ્રક સાથે ટકરાઈ : રજાની જાહેરાત છતાંય સ્કૂલ ચાલુ રખાઈ



અમદાવાદ, તા.૧૯

ઉત્તરપ્રદેશના ઈટા જિલ્લામાં આજે તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતિ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સ્કૂલી બસ ટ્રક સાથે અથડાઈ જતાં ઓછામાં ઓછા ૧૫ બાળકોના કરૂણ મોત થયા છે અને મોટી સંખ્યામાં બાળકો ઘાયલ થયા હતા જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. દુર્ઘટનાગ્રસ્ત બસ જેએસ પબ્લિક સ્કૂલની હતી. અલીગંજમાં આ બનાવ બન્યો હતો. વહીવટીતંત્ર દ્વારા હજુ સુધી અકસ્માતને લઈને કોઈ કારણ આપ્યા નથી. વહીવટીતંત્રએ તીવ્ર ઠંડીના કારણે ત્રણ દિવસની રજાની જાહેરાત કરી હતી છતાં પણ સ્કૂલ ચાલુ રાખવામાં આવી હતી જેના પરિણામ સામે સ્કૂલ સામે પણ પગલા લેવામાં આવી શકે છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તપાસનો આદેશ કરવામાં આવ્યો છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઝડપી રિકવરી થાય તે માટે વડાપ્રધાને તમામ માટે પ્રાર્થના પણ કરી છે. વડાપ્રધાને બનાવ અંગે દુખ પણ વ્યક્ત કર્યું છે.

● અનુસંધાન પાન-૫

ખાંડ આયાત ટેક્સ નહી ઘટાડાય

ખાંડ ઉત્પાદન ઘટતા સ્થાનિક માર્કેટમાં કિંમતોમાં વધારો : સરકારે હાલમાં આયાત ડ્યુટીમાં ઘટાડો કરવાની યોજના હોવાનો ઈન્કાર કર્યો

નવી દિલ્હી, તા.૧૯

વિશ્વના બીજા સૌથી મોટા ખાંડ વપરાશકાર દેશ એવા ભારતે ખાંડ ઉપર આયાત ડ્યુટી ઘટાડવા માટેની કોઈ યોજના હોવાનો ઈન્કાર કરી દીધો છે. હાલમાં આવી કોઈ યોજના નથી. મિડિયા અહેવાલોમાં સરકાર તરફથી રદિયો આપવામાં આવ્યો છે. હાલમાં ખાંડ આયાત ટેક્સમાં ઘટાડો કરવાની કોઈ યોજના નથી. સ્થાનિક માર્કેટમાં ખાંડની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. સૌથી વધારે ખાંડનું ઉત્પાદન કરનાર મહારાષ્ટ્ર રાજ્યમાં એકંદરે વારંવાર દુષ્કાળની સ્થિતિના પરિણામ સ્વરુપે પાકને ભારે નુકસાન થયું છે જેના લીધે ખાંડના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ૧૦ ટકાથી પણ વધુનો વધારો ખાંડ કિંમતોમાં એક મહિનામાં થઈ ચુક્યો છે. કારોબારીઓને એવી દહેશત છે કે, આગામી દિવસોમાં ખાંડ કિંમતોમાં વધુ વધારો થઈ શકે છે. આવી સ્થિતિમાં સરકાર ભાવને કાબૂમાં લેવા જુદા જુદા પગલા લઈ શકે છે. કિંમતોમાં વધારાના પરિણામ સ્વરુપે સરકારને આયાત ડ્યુટી ઘટાડવાની ફરજ પડી શકે છે. પરંતુ આ અંગેના અહેવાલને હાલ પુરતો રદિયો આપવામાં આવ્યો છે. ઈન્ડસ્ટ્રી અધિકારીઓનું કહેવું છે કે, શેરડીની અછતના પરિણામ સ્વરુપે જટિલ સ્થિતિ સર્જાઈ ગઈ છે. વર્ષ ૨૦૧૬-૧૭માં ખાંડ ઉત્પાદન ઘટીને ૨૨ મિલિયન ટન સુધી પહોંચી શકે છે. અગાઉના અંદાજની સરખામણીમાં તેમાં ૪.૩ ટકાનો ઘટાડો થઈ શકે છે. શેરડીની અછતના લીધે મહારાષ્ટ્રમાં ઘણી મિલો પણ બંધ સ્થિતિમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં ખાંડનું ઉત્પાદન ૨૭ ટકા સુધી ઘટી ગયા બાદ આની સીધી અસર હવે ભાવ ઉપર જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. મહારાષ્ટ્રમાં એક વર્ષ અગાઉની સરખામણીમાં આ વર્ષે ૨૭ ટકા ઉત્પાદન ઘટી ગયું છે. કુલ મિલો પૈકીની ત્રીજા ભાગની મિલો બંધ સ્થિતિમાં છે. શેરડીની અછતના પરિણામ સ્વરુપે આ હાલત સર્જાયેલી છે.

ખોડલધામ શોભાયાત્રાનો વિશ્વ વિક્રમ

૪૦૦૦થી પણ વધુ ગાડીઓનો કાફલો : શોભાયાત્રા માટે પહેલો રથ ગોંડલમાં જ્યારે બીજો રથ રાજકોટમાં હતો : વિક્રમ સંખ્યામાં લોકો ઉમટી પડ્યા

અમદાવાદ, તા.૧૯

ખોડલધામ મહોત્સવની ૪૦ કિમી લાંબી શોભાયાત્રાને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળી ગયું છે. હજારો ગાડીઓન કાફલો અને જુદા જુદા આકર્ષણો શોભાયાત્રામાં રહ્યા હતા. રાજકોટના કાગવડ ખાતે પાટીદાર સમાજ દ્વારા આયોજીત ખોડલધામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આજે સવારે નાસિક અને મહારાષ્ટ્રના ઢોલ અને તાંસા સાથે ૫૦ વાદ્યકારોની ટીમે શુભારંભ કરાવ્યો હતો. રાજકોટના રેસકોર્ષથી શરૂ થયેલી શોભાયાત્રા બપોરે કાગવડ ખાતે પહોંચી હતી. રથોના કાફલા સાથે આવેલી શોભાયાત્રાનું વાદ્યકારોની ટીમે સ્વાગત કર્યું હતું. તેમજ ૪૦ કિલો મીટરનું અંતર કાપેલી શોભાયાત્રને ગોલ્ડન બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળતાં અનોખો રેકોર્ડ સર્જાયો હતો. કાગવડનો ખોડલધામનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આસ્થાની સાથે રેકોર્ડનો મહોત્સવ પણ બની ગયો. આ આસ્થાના મહોત્સવમાં અનેક રેકોર્ડ સર્જાયા. રાજકોટથી ગોંડલનું ૪૦ કિલોમીટરનું અંતર અને આટલી જ લાંબી શોભાયાત્રા હોય. શોભાયાત્રાનો પહેલો રથ ગોંડલમાં જ્યારે બીજો રથ રાજકોટમાં હતો. આટલી મોટી શોભાયાત્રા પહેલી

● અનુસંધાન પાન-૫

ગુલમર્ગમાં તાપમાન ઘટીને માઇનસ ૧૨ થયું

કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં માઇનસમાં તાપમાન : ભારે હિમવર્ષા બાદ સતત ત્રણ દિવસ સુધી બંધ રખાયા બાદ જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે ખુલતા રાહત : રાજસ્થાન, પંજાબ તેમજ યુપીમાં કાતિલ ઠંડી

નવી દિલ્હી,તા.૧૯

ઉત્તર ભારતમાં ધુમ્મસ અને તીવ્ર ઠંડીના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયુ છે. એકબાજુ હિમાચલના કેટલાક ભાગોમાં હિમવર્ષાના કારણે બરફની ચાદર છે તો કેટલાક ભાગોમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. આના કારણે સામાન્ય લોકો પરેશાન થયેલા છે. ધુમ્મસના કારણે સાવચેતીના પગલા રૂપે ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી રહી છે. અનેક ટ્રેનો લેટ છે. જ્યારે ઘણી ફ્લાઈટ પણ લેટ છે. બીજી બાજુ દેશના જુદા જુદા ભાગોથી કાશ્મીર ખીણને જોડનાર ૩૦૦ કિલોમીટર લાંબા શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવેને વનવે ટ્રાફિક માટે ખોલી દેવામાં આવતા રાહત થઈ છે. ટ્રાફિક વિભાગના અધિકારીઓએ કહ્યું છે કે, રાષ્ટ્રીય હાઈવે પર વાહનોની અવરજવર ફરી શરૂ કરવામાં આવી છે. સોમવારના દિવસે ભારે હિમવર્ષા થયા બાદ આ હાઈવેને બંધ કરી દેવાની ફરજ પડી હતી જેના કારણે છેલ્લા ત્રણ દિવસથી વાહનોની લાંબી લાઈન લાગી હતી. બીજી બાજુ કાશ્મીરમાં હિમવર્ષા અને વરસાદ હજુ પણ જારી છે જેથી ખીણમાં રાત્રિ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. શ્રીનગરમાં માઈનસ ૩.૩ ડિગ્રી તાપમાન થયું છે. ગઈકાલે ૨.૫ ડિગ્રી માઈનસમાં તાપમાન નોંધાયું હતું જ્યારે કાઝીગુંદમાં માઈનસ ૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયુંહતું. કોકરનાગમાં માઈનસ ૧.૭ તાપમાન રહ્યું છે. વાર્ષિક અમરનાથ યાત્રા માટે બેઝકેમ્પ તરીકે ગણાતા લોકપ્રિય રિસોર્ટ પહેલગામમાં તાપમાન માઈનસ ૧૨.૪ ડિગ્રી થયું છે જ્યારે લોકપ્રિય સ્કીરિસોર્ટ ગુલમર્ગમાં માઈનસ ૧૨ ડિગ્રી તાપમાન થયું છે. શિયાળા દરમિયાન ખીણમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે તેવો ગુલમર્ગ તરફ આકર્ષિત થાય છે.

ભારતનો કટક વન-ડેમાં ૧૫ રને વિજય સાથે શ્રેણી વિજય

કટક, તા. ૧૯

કટકના બારામતી સ્ટેડિયમ પર ભારતે પ્રવાસી ઈંગ્લેન્ડની ટીમને બીજી વન-ડેમાં ૧૫ રનથી પરાજય આપી અને શ્રેણી વિજય મેળવ્યો છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં વનડે શ્રેણી ભારતે જીતી છે.

આજે ભારત તરફથી યુવરાજ અને ધોનીએ શાનદાર બેટીંગ કરી રન વર્ષા કરી હતી. એ સામે ઈંગ્લેન્ડ તરફથી રોય, મોર્ગન અને મોઈન અલી તેમજ પ્લંકેટે પણ વળતી લડત આપી રમતને રસપ્રદ બનાવી હતી.

ભારતે ૫૦ ઓવરમાં ૩૮૧ રન બનાવ્યા હતા જેની સામે ઈંગ્લેન્ડે ૫૦ ઓવરમાં ૩૬૬ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડના સુકાની મોર્ગને કેપ્ટન ઈનિંગ્સ રમી રમતને રસપ્રદ બનાવી હતી.

ભારત તરફથી ધોની અને યુવરાજસિંગે ૨૫૦ રનથી વધુની પાર્ટનરશીપ નોંધાવી હતી. યુવરાજે ૧૫૦ રન નોંધાવ્યા હતા. તો ધોનીએ પણ ૧૩૪ રન નોંધાવ્યા હતા. જાડેજા પંડ્યાએ પણ છેલ્લી ઓવરોમાં કાંડાનું કૌવત દર્શાવી ભારતને સલામત સ્થિતિમાં મુક્યુ હતુ.

બેટીંગ માટે સાનુકૂળ પીચ પર ઈંગ્લેન્ડે પણ આક્રમક રમત દાખવી હતી અને ૩૬૬ રન ૮ વિકેટના ભોગે નોંધાવ્યા હતા. છેલ્લી ૧૦ ઓવરમાં ભુવનેશ્વર-બુમરાહના સ્પેલે ઈંગ્લેંડને વિજયથી વંચિત રાખવામાં સફળતા મેળવી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ટ્રાવેલ એજન્ટ નિમવાના છે.
અમદાવાદની ૧૯૫૧થી સફળ પ્રવાસો ના આયોજન કરતી પ્રતિષ્ઠિત કું માટે ગુજરાતના વિવિધ શહેરોમાં ડોમેસ્ટીક પ્રવાસોમાં બુકિંગ મેળવી શકે તેવા ટ્રાવેલ એજન્ટ નિમવાના છે.
રસ ધરાવતી પાર્ટીએ પુરતી વિગત સાથે email/Ph. થી સંપર્ક કરવા વિનંતી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ (M) 9426707640
kinjal@nutantravels.com

બહેરાશ નિદાન કેમ્પ
નિઃશુલ્ક નિદાન કેમ્પ
અનુભવી નિષ્ણાતો દ્વારા કાનની બહેરાશની તપાસ તથા સલાહ
અભિનવ ચેરીટેબલ ટ્રસ્ટ અને નારાયણી ENT કિલનિકના સહયોગથી
તા.૨૨-૦૧-૨૦૧૭, રવિવાર, સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે
દરેક પ્રકારના કાનના મશીન (હિયરીંગ એઇડ) ઉપર સ્પેશીયલ ડિસ્કાઉન્ટ
જે બાળકોને કાનના મશીન (Hearing aid) થી ઓછો કે બીલકુલ ફાયદો નથી તેઓ માટે કોકલીયર ઈમ્પાલન્ટ અને બાહા (BAHA) ઉત્તમ ઉપાય (જન્મજાત તથા પછીથી બહેરાશ ધરાવતા બાળકો માટે ખાસ ઉપયોગી સારવાર)
ડો.જીજ્ઞેશ રાજવીર એમ.એસ.(ENT) ડી.એલ.ઓ
અમીતકુમાર આનંદ ઓડીયોલોજીસ્ટ (BASLP)
નારાયણી ENT સ્પીચ એન્ડ હીયરીંગ કિલનિક
Narayani ENT CLINIC
૧૦૦૮/૨, સેક્ટર-૭-સી, એસ.ટી.ડેપોની સામે,ગાંધીનગર
એપોઈન્ટમેન્ટ સંપર્ક : 079-23230055
સરકારી કર્મચારી તથા પેન્શનરોને સરકાર તરફથી રૂા.૨૫૦૦૦/- એક કાન માટે અને બીજા કામ માટે રૂા. ૨૫૦૦૦/- મળીને કુલ રૂા.૫૦,૦૦૦/- સુધીની રીએમ્બર્સમેન્ટ કરી આપવાની સુવિધા મળશે.

સત્તરમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ

જન્મ તા. ૦૧-૦૩-૧૯૪૧ | સ્વ. તા. ૨૦-૦૧-૨૦૦૦

સદગત શેઠ શ્રી જીવણભાઈ માધાભાઈ ચૌધરી (પામોલ) ૧૯૪૧-૨૦૦૦
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગરના આદ્યસ્થાપક તથા પૂર્વ પ્રમુખ

● આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્નિ બાળી શકતો નથી તેમજ પાણી એને ભીંજવતું નથી અને વાયુ સુકવી શકતો નથી.● જેનો જન્મ છે તેનું મરણ નિશ્ચિત છે, તેમજ જેનું મરણ તેનો જન્મ તેટલો જ નિશ્ચિત છે, એટલે અપરિહાર્ય વસ્તુને માટે શોક કરવો તે યોગ્ય નથી.●

લિ.

માતુશ્રી જોઈતીબા વેલજીભાઈ ચૌધરી શૈક્ષણિક સંકુલ
શ્રી પી.કે. ચૌધરી મહિલા વિનયન કોલેજ
શ્રી ડી.ડી. ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ (MCA)
માતુશ્રી એસ.એમ.ચૌધરી મહિલા અધ્યાપન કોલેજ
શ્રી એચ.જે.ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન (B.Ed)
શ્રી વી.એમ.ચૌધરી એમ.એડ.કોલેજ (M.Ed)
શ્રીમતી એસ.એમ.ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ (BCA)
શ્રીમતી જ્યોતિબેન એમ. ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુ.એમ્પલી.(BCA)
શ્રી ચૌધરી કોમર્સ કોલેજ (ગુજરાતી / અંગ્રેજી માધ્યમ)
ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ
શેઠ શ્રી જે.એમ. ચૌધરી ચે. ટ્રસ્ટ, ગાંધીનગર
શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય
શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય (ઉ.વિ.)
શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. માધ્યમિક વિદ્યાલય
શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. પૂર્વ / પ્રાથમિક વિદ્યાલય
શ્રી જે.એમ.ચૌધરી ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ
શ્રીમતી પી.એન.ચૌધરી મહિલા ટેકનીકલ કોલેજ છાત્રાલય
શ્રીમતી આર.એસ.ચૌધરી કન્યા છાત્રાલય
શ્રીમતી વી. પી. ચૌધરી મહિલા વિશિષ્ટ છાત્રાલય
શ્રી જે.વી.દેસાઈ એન્ડ એન. કે. દેસાઈ મહિલા આર્ટસ છાત્રાલય

નોંધ : તા.૨૦-૦૧- ૨૦૧૭ને શુક્રવારના રોજ પુણ્યતિથિ નિમિત્તે સ્મરણાંજલિ, ભજન તથા તેજસ્વી વિદ્યાર્થી શિષ્યવૃતિ, ઈનામ વિતરણ કાર્યક્રમ બપોરે ૧.૩૦ કલાકે શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય, સેકટર-૭, ગાંધીનગર ખાતે યોજેલ છે. આ પ્રસંગે સ્નેહીજનોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.